# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર

**અખબારી યાદી** **તા. ૨૦-૮-૨૦૧૨**

ગુજરાતમાંથી ચૂંટાયેલા બિન ગુજરાતી ભાજપના રાજ્યસભાના સભ્યશ્રી અરૂણ જેટલી દમ વગરની મેટર માત્ર અસીલના આગ્રહથી કોઈ વકીલ દલીલ કરે તે રીતે ગુજરાતને મળતાં ગેસ અંગે પ્રેસ કોન્ફરન્સ કરીને જતાં રહ્યાં. ગુજરાતને કેટલો ગેસ મળે છે ? આ ગેસ શું ભાવે મળે છે ? દેશના કુલ વિતરણના કેટલા ટકા ગુજરાતને મળે છે ? એન.ડી.એ.ની ભાજપની સરકાર હતી ત્યારે દિલ્હીથી કેટલો ગેસ ગુજરાતને મળતો હતો ? વિગેરે એકપણ પ્રશ્નનો જવાબ પોતાની પ્રેસમાં આપી શક્યા નથી. ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને ફરી ચેલેન્જ કરી છે કે, જો તમે સાચા હોવ તો આની ચર્ચા કરવા માંગતા હોવ તો આવો એક પ્લેટફોર્મ પર અને ગુજરાતની જનતાને સત્ય હકીકત બતાવીએ.

ગઈકાલે કેન્દ્રીય મંત્રીશ્રીએ ગુજરાતને ગેસની ફાળવણીના જે આંકડા આપ્યાં છે, એ આંકડાને બદલે ગુજરાતમાં જુદી જ પરિસ્થિતિ હોવા અંગેનો એકપણ આંકડો શ્રી અરૂણ જેટલીજી અને શ્રી સૌરભભાઈ પટેલ આપી શક્યાં નથી. કેગના નામે દેશની સંસદમાં હોબાળો કરનાર ભાજપે ગુજરાતના કેગના રિપોર્ટમાં અદાણીને ખરીદ કિંમત કરતાં કરોડો રૂપિયે સસ્તો ગેસ કેમ આપ્યો ? તે અંગે પણ ભાજપ એક શબ્દની પણ સ્પષ્ટતા કરી શક્યો નથી. હકીકતમાં હાઈકોર્ટના જજમેન્ટમાં પણ કેન્દ્ર સરકારે એફિડેવીટ પર કહ્યું છે કે, મુંબઈ, દિલ્હી અને ગુજરાતને ૪.૨ યુ.એસ.ડોલર પ્રતિ MMBTU (માઈનસ રોયલ્ટી)ના ભાવે ગેસ મળે છે, તેને કોઈપણ જગ્યાએ અયોગ્ય માનવામાં આવ્યું નથી. ગુજરાત સરકારે પણ હાઈકોર્ટની અંદર ફાઈલ થયેલી કેન્દ્રની એફિડેવીટને સ્વીકારી છે. ગુજરાત ભાજપમાં હિંમત હોય તો કેન્દ્રમાંથી કેટલો ગેસ ગુજરાતને પ્રાપ્ત થાય છે ? આ ગેસ ઉપર ગુજરાતમાં કેટલો વેટ લેવાય છે ? દેશમાં અન્ય રાજયોમાં લેવાતાં વેટ કરતાં ગુજરાતમાં વેટ કેટલો વધુ લેવાય છે ? ગુજરાતમાં જે ગેસ કેન્દ્રમાંથી અપાય છે તે ગેસની પડતર કિંમત ગુજરાત સરકારની કેટલી છે ? અને ગુજરાત સરકાર આમ આદમીને આ ગેસ વિતરણ કરે છે તેની વચ્ચે ભાવમાં કેટલો ફરક છે ? ગુજરાત સરકાર કેન્દ્રમાંથી પ્રાપ્ત થયેલો ગેસ કેટલો મોંઘો આમ આદમીને આપે છે ? તેની સ્પષ્ટતા કરી આપે. વર્તમાનપત્રમાં ગુજરાત સરકારની જાહેરાતમાં એવું કહ્યું છે કે, ગુજરાતને કેન્દ્ર ગેસ આપતું નથી અને માત્ર થપ્પડ મારે છે, આવી બેનામી લાખો રૂપિયાની જાહેરાત કરનાર ગુજરાતની ભાજપની સરકારે પ્રજાની તિજોરી લૂંટીને ગુજરાતના આમ આદમીને લાફો માર્યો છે. ભાજપની આજની પ્રેસ પરથી સ્પષ્ટ થઈ ગયું છે કે, ગઈકાલે કેન્દ્રીય મંત્રીશ્રીએ ગેસની ફાળવણીના જે આંકડા આપ્યાં છે તે સત્ય છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ બિનગુજરાતી રાજ્યસભાના સભ્ય પાસે સદંતર જૂઠ્ઠાણું બોલાવ્યું છે. જો સત્યની છાંટ હોય તો આંકડાકીય માહિતી સાથે ગુજરાતની જનતાને હકીકત આપવી જોઈએ. દમ વગરની મેટરમાં કોઈપણ મોટો વકીલ દલીલ કરે તો પણ તેમાં સફળતા મળતી નથી, એ વાત આજે સાબિત થઈ ગઈ છે.

---

પ્રતિ,

તંત્રીશ્રી,

ઉપરોક્ત પ્રેસનોટ આપના અખબારમાં પ્રદર્શિત કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહજી ગોહિલે વિનંતી કરી છે.

**(જે. જે. રસાણીયા)** અંગત મદદનીશ